| અ. નં. | કચેરીનું નામ | કચેરીનું સરનામું | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧૮ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ભરૂચ. | બહુમાળી મકાન, ગાયત્રીનગર, ભોંયતળીયે, ભરૂચ. | ૦૨૬૪૨/ ૨૬૩૮૨૩ |
| ૧૯ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, રાજપીપળા, જી. નર્મદા. | જિલ્લા સેવા સદન, રૂમ નં.૧૧, ભોંયતળીયે, રાજપીપળા, જી. નર્મદા. | ૦૨૬૪૦/ ૨૨૪૫૭૫ |
| ૨૦ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. ગોધરા, જી. પંચમહાલ. | બહુમાળી બીલ્ડીંગ, ૧લો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, ગોધરા, જી. પંચમહાલ | ૦૨૬૭૨/ ૨૪૧૪૮૭ |
| ૨૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. દાહોદ. | જિલ્લા સેવા સદન, રૂમ નં. ૧૯, ભોંયતળિયે, છાપરી, દાહોદ. | ૦૨૬૭૩/ ૨૩૯૨૨૫ |
| ૨૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. સુરત. | જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત. | ૦૨૬૧/ ૨૬૫૧૪૬૭ |
| ૨૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. વ્યારા, જી. તાપી. | ઓબ્ઝર્વેશન હોમના મકાનમાં, અંબિકાનગરની સામે, દિવ્યાનગર સોસા. પાસે, તાડકુવા, મુ. વ્યારા જી. તાપી. | ૦૨૬૨૬/ ૨૯૩૦૭૦ |
| ૨૪ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. આહવા, જી. ડાંગ. | પ્રયોશા વિજ્ઞાન કેન્દ્રની બાજુમાં, કોમ્યુનીટી હોલ, આશ્રમ રોડ, આહવા, જી. ડાંગ. | ૦૨૬૩૧/ ૨૨૦૬૨૯ |
| ૨૫ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. વલસાડ. | બ્લોક નં.૮, ૧ લો માળ, જુની કલેકટર બિલ્ડીંગ, ધરમપુર રોડ, વલસાડ. | ૦૨૬૩૨/ ૨૪૨૭૬૩ |
| ૨૬ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. નવસારી. | વિભાગ-એ, ભોંયતળીયે, બહુમાળી મકાન, જુના થાણા, નવસારી. | ૦૨૬૩૭/ ૨૩૨૪૪૦ |
| ૨૭ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. બોટાદ. | હવેલી ચોક, મહિલા મંડળનું મકાન બોટાદ. | ૦૨૭૮ /૨૪૨૫૬૦૯ |
| ૨૮ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. મોડાસા, જી. અરવલ્લી. | ૨૧, કલ્યાણ સોસાયટી માલપુર રોડ, મોડાસા, જી. અરવલ્લી. | ૦૨૭૭૪ / ૨૪૧૨૪૪ |
| ૨૯ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. છોટાઉદેપુર. | આદિવાસી અતિથી ગૃહ, સરકારી હોસ્પીટલ સામે, છોટાઉદેપુર. | ૦૨૬૬૯/૨૩૩૩૮૪ |
| ૩૦ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. મોરબી. | વિકાસ વિદ્યાલય કેમ્પસ, શોભેશ્વર રોડ, નેશનલ હાઈવે નં.-૮, મોરબી. | ૦૨૮૨૨/ ૨૪૨૫૩૩ |
| ૩૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ગીર-સોમનાથ. | રાજેન્દ્ર ભવન રોડ, સેલેનીટી કોલોની સી-૨, વેરાવળ. | ૦૨૮૫/૨૬૨૪૫૪૬ |
| ૩૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. દેવભૂમિદ્વારકા. | જિલ્લા સેવા સદન-૪, રાજપાર્ક પાસે, રાજકોટ રોડ, જામનગર. | ૦૨૮૮/ ૨૫૭૦૩૦૬ |
| ૩૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. લુણાવાડા, જી. મહીસાગર. | બહુમાળી બીલ્ડીંગ, ૧લો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, ગોધરા, જી. પંચમહાલ. | ૦૨૬૭૨/ ૨૪૧૪૮૭ |

Y-71 - 5000-6-2015

સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

सत्यमेव जयते

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ



## સમાજ સુરક્ષા ખાતાની યોજનાકીય કામગીરી

**આનંદીબેન પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય



**શ્રી રમણભાઈ વોરા**
માનનીય મંત્રીશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત રાજ્ય

**નિયામક**

**સમાજ સુરક્ષા ખાતું (ગુ.રા.)**

બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડો. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. : (૦૭૯) ૨૩૨ ૫૬૩૦૯ ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨ ૫૬૩૦૮
ઈ-મેઈલ : dir-sd@gujarat.gov.in
વેબસાઈટ : www.sje.gujarat.gov.in

## (ક) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા

૧. ઉંમરનો પુરાવો.
૨. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.
૩. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો.
૪. સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.

વિકલાંગ વ્યક્તિને તેમની જરૂરિયાત મુજબ સાધન સહાય મેળવવા અરજી કરવા ચાલુ નાણાંકીય વર્ષમાં મંજૂર કરવામાં આવે છે અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓના સૌજન્યથી વિકલાંગ વ્યક્તિને સાધન સહાય આપવામાં આવે છે.

## વિકલાંગ વ્યક્તિઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના :

### (અ) શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતા

૧. અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીની વિકલાંગતાની ટકાવારી ૪૦%થી ઓછી ન હોવી જોઈએ.
૨. છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણથી ઉત્તીર્ણ હોવા જોઈએ.
૩. જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.
૪. વિકલાંગ વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ₹ ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારના ₹ ૬૮,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.
૫. વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતાં હોવા જોઈએ.

### (બ) વિકલાંગ શિષ્યવૃત્તિ કેટલી મળે ?

૧. ધોરણ ૧ થી ધોરણ ૭ સુધીમાં ભણતાં વિકલાંગ વિદ્યાર્થીને વાર્ષિક ₹ ૧૦૦૦/-
૨. ધોરણ ૮ કે તેથી ઉપર અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીને વાર્ષિક ₹ ૧,૫૦૦/- થી ₹ ૫૦૦૦/- .
૩. વિકલાંગ શિષ્યવૃત્તિ જે તે પ્રાથમિક શાળા દ્વારા મોકલવામાં આવે છે.

### (ક) વિકલાંગ શિષ્યવૃત્તિના અરજીપત્રક મેળવવા અંગે

૧. દર વર્ષે શૈક્ષણિક કાર્ય શરૂ થતાં.
૨. અરજીપત્રકો શાળા/કૉલેજ કે શૈક્ષણિક સંસ્થા દ્વારા લખાણ આપવાથી રીન્યુઅલ ફોર્મ કે ફ્રેશ ફોર્મ આપવામાં આવે છે.
૩. અરજીપત્રકો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી વિના મૂલ્યે મળે છે.

### (ડ) વિકલાંગ શિષ્યવૃત્તિના અરજીપત્રકો સાથે સામેલ કરવાના પુરાવા

૧. વિકલાંગ વિદ્યાર્થીનું વિકલાંગતા ઓળખકાર્ડ અથવા જે તે સીવીલ હોસ્પિટલ તબીબી બોર્ડનું વિકલાંગતા દર્શાવતું ટકાવારી પ્રમાણપત્ર.
૨. વાલીની વાર્ષિક આવકનો સક્ષમ અધિકારીનો દાખલો.
૩. ગત વર્ષના વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ.
૪. અરજીપત્રકો જે - તે શૈક્ષણિક સંસ્થા દ્વારા સંપૂર્ણ માહિતી સાથે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને મોકલવાના હોય છે.
૫. વિદ્યાર્થી એસ.સી/એસ.ટી/બક્ષીપંચ કે સામાન્ય તેમ અલગ અલગ અરજીપત્રકો મોકલવા.

### (ઈ) વિકલાંગ શિષ્યવૃત્તિ ક્યારે મળવાપાત્ર થતી નથી ?

૧. વિકલાંગ વિદ્યાર્થી શાળા/કૉલેજ કે શૈક્ષણિક સંસ્થામાં અનિયમિત હોય.
૨. અભ્યાસ છોડી દેવાથી.
૩. વિદ્યાર્થીનું આકસ્મિક મૃત્યુ થવાથી.
૪. રાજ્ય સરકારશ્રીની કે અન્ય જગ્યાએથી શિષ્યવૃત્તિ મેળવતા હોય તો.

**(ઈ) વિકલાંગ શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.**

## ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના :
(તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટેની યોજના)

### (અ) લાભ કોને મળવાપાત્ર થાય

૧. અરજદારની ઉંમર ૭૯ વર્ષ કરતા ઓછી વયજૂથની હોવી જોઈએ
૨. ૮૦% કે તેથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિને અથવા જે કૃત્રિમ અંગોથી પણ સ્વતંત્ર રીતે હલન-ચલન કે હરીફરી શકતા નથી, તેવા વિકલાંગોને.
૩. વિકલાંગ વ્યક્તિઓનું નામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોવું જોઈએ.
૪. રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતું વિકલાંગ ઓળખકાર્ડ ધરાવનાર.

### (બ) લાભ શું મળે ?

૧. ૦ થી ૬૪ વર્ષ થી નીચેના વિકલાંગ વ્યક્તિને માસિક ₹ ૪૦૦/- (જુના લાભાર્થી-રાજ્ય સરકારની યોજના).
૨. ૧૮ થી ૭૯ વર્ષના બી.પી.એલ.લાભાર્થીઓને માસિક ₹ ૬૦૦/- (કેન્દ્ર સરકારના ₹ ૩૦૦/- અને રાજ્ય સરકારના ₹ ૩૦૦/-).
૩. અરજદારને સહાય પોસ્ટ/બેન્ક ખાતા મારફત ચૂકવવામાં આવે છે.

### (ક) અરજીપત્રક સાથે સામેલ કરવાની માહિતી (બિડાણ)

૧. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.
૨. ઉંમરનો દાખલો.

૩. વિકલાંગ વ્યક્તિનું નામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોય તેનો દાખલો (૦ થી ૧૬ સ્કોર).
૪. અરજીપત્રક સંપૂર્ણ ભરીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

(ડ) સહાય ક્યારે બંધ થાય ?

૧. અરજદારની ઉંમર ૭૯ વર્ષની થતાં.

**વિકલાંગ વિધવા બહેનોને મકાન સહાય :**

(અ) વિકલાંગ વિધવા બહેનને મકાન સહાય મેળવવાની પાત્રતા :

૧૮ થી ૬૦ વર્ષ સુધીની ઉંમરની વિકલાંગ વિધવા મહિલા

(બ) લાભ શું મળી શકે ?

વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટે ₹ ૪૭,૨૦૦/- ની સહાય.

(ક) લાભ કોને ન મળી શકે ?

ભારત સરકાર કે રાજ્ય સરકાર મકાન સહાયની અન્ય યોજનાનો લાભ મળેલ હશે તેને આ યોજના હેઠળ લાભ મળશે નહીં. આ યોજનામાં આવકની કોઈ મર્યાદા નથી.

**વિકલાંગ વ્યક્તિના કુટુંબીજનને વીમા સહાય યોજના :**

(અ) લાભ કોને મળી શકે :

₹ ૨.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા વિકલાંગ ઓળખકાર્ડ ધરાવનારને.

(બ) લાભ શું મળે?

૧. અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% એટલે કે ₹ ૧ લાખ.
૨. અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% એટલે કે ₹ ૧ લાખ.
૩. અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% એટલે કે ₹ ૧ લાખ.
૪. અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦% એટલે કે ₹ ૫૦ હજાર.

(ક) લાભ મેળવવા અરજી કોને કરવી ?

અરજી જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને.

(ડ) મંજૂર કરનાર અધિકારી ?

વીમા નિયામકશ્રી, વીમા લેખા ભવન, બ્લોક નં. ૧૮, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**વિકલાંગ લગ્ન સહાય યોજના (નવી યોજના) :**

(અ) વિકલાંગ લગ્ન સહાય કોને મળે (પાત્રતા)

૧. કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.
૨. વિકલાંગ ઓળખ કાર્ડ ધરાવતા હોવા જોઈએ.
૩. સ્ત્રી અને પુરૂષ બન્ને અથવા બંન્નેમાંથી ગમે તે એક વિકલાંગ હોય તો પણ લાભ મળે.

(બ) સહાયમાં શું મળી શકે ?

૧. ₹ ૨૦,૦૦૦/- આર્થિક સહાય.
૨. યોજનાનો લાભ તમામ વર્ગની બહેનોને મળવાપાત્ર થાય છે.
૩. અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજુ કરવાનું રહેશે.

(ક) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા (બિડાણ)

૧. વિકલાંગ ઓળખ કાર્ડ અથવા સિવીલ સર્જનનો વિકલાંગતાના દાખલાની પ્રમાણિત નકલ.
૨. બન્નેના શાળા છોડયાના પ્રમાણ પત્ર (સ્કુલ લીવીંગ સર્ટી.)ની પ્રમાણિત નકલ.
૩. રેશન કાર્ડની પ્રમાણિત નકલ.
૪. બન્નેના સંયુક્ત ફોટા/લગ્ન કંકોત્રી .
૫. લગ્ન રજીસ્ટ્રાર ઓફ મેરેજીસની ઓફિસમાં નોંધાયેલ નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

## વૃદ્ધ કલ્યાણ
(ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન)

(અ) પાત્રતાનું ધોરણ:

૧. સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તેથી વધુ વય (ઉંમરના પ્રમાણપત્ર માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર અધિકૃત).
૨. ગરીબી રેખાની યાદી પર નામ નોંધાયેલ કુટુંબનો સભ્ય.

(બ) અરજીપત્રક આપવાનું સ્થળ :

સંબધિત જે તે જિલ્લાના સેવા કેન્દ્ર, મામલતદાર કચેરી.

(ક) અરજીપત્રક જોડે જોડવાના દસ્તાવેજો :

૧. ઉંમરનું પ્રમાણપત્ર.
૨. ગરીબી રેખાની યાદી પર નામ હોવાનું પ્રમાણપત્ર.

(ડ) માસિક સહાય :

૧. ૬૦ થી વધુ ૭૯ વર્ષ સુધીના લાભાર્થીને ₹ ૪૦૦/- સહાય. જેમાં કેન્દ્રનાં ₹ ૨૦૦/- અને રાજ્ય સરકારના સહાયના ₹ ૨૦૦/-.
૨. ૮૦ વર્ષથી વધુ વયનાં લાભાર્થીને ₹ ૭૦૦/- સહાય. જેમાં કેન્દ્રનાં ₹ ૫૦૦/- અને રાજ્ય સરકારના સહાયના ₹ ૨૦૦/-

(ઈ) સહાયની ચુકવણી:

પોસ્ટ દ્વારા મનીઓર્ડર અથવા બેંક એકાઉન્ટના વિકલ્પ આપવામાં આવે છે.

(એફ) લાભ કોને મળે ?

૬૦ થી વધુ વય ધરાવનાર વ્યક્તિઓને.

## નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકારની યોજના) :

(અ) લાભ કોને મળી શકે ?

૧. સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધ.
૨. ૨૧ વર્ષનો પુત્ર ન હોય.
૩. અશકત-વિકલાંગતા ૭૫% થી વધારે અને ૪૫ કે તે કરતાં વધુ ઉંમર હોવી જોઈએ.
૪. પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃદ્ધો પણ અરજી કરી શકશે.
૫. અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ₹ ૪૭,૦૦૦/ -અને શહેરી વિસ્તારના ₹ ૬૮,૦૦૦/ -થી વધુ ન હોવી જોઈએ.
૬. ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ હોય તો.
૭. ૬૦ થી વધુ વય ધરાવનાર દંપતિ/ બંનેને મળે.

(બ) શું લાભ મળે ?

૧. પેન્શન ₹ ૪૦૦/- મનીઓર્ડર દ્વારા મોકલી આપવામાં આવે છે.
૨. પોસ્ટ દ્વારા મનીઓર્ડર અથવા બેંક એકાઉન્ટના વિકલ્પ આપવામાં આવે છે.

(ક) અરજી પત્રક કયાંથી મળવાપાત્ર થાય છે ?

૧. જિલ્લા કલેકટર કચેરી.
૨. મામલતદાર કચેરીથી આ અરજી પત્રક વિનામૂલ્યે મેળવી શકાશે. મંજૂર/નામંજૂર કરવાની સત્તા મામલતદારને સોંપવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ) :

(અ) કોને લાભ મળી શકે ?

૧. સહાયની પાત્રતા માટે ભારત સરકારે નક્કી કરેલ ધોરણો મુજબ ગરીબી રેખા હેઠળ યાદીમાં પીડીત કુટુંબનો સમાવેશ થયેલો હોવો જોઈએ.
૨. કુટુંબનો મુખ્ય કમાનાર વ્યકિત (સ્ત્રી કે પુરુષ)નું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માતથી થયેલ હોવું જોઈએ.
૩. મૃત્યુ પામનાર પુરુષ કે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.
૪. મૃત્યુ પછીના બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

(બ) લાભ શું મળવાપાત્ર થાય ?

૧. કુદરતી કે અકસ્માતે મૃત્યુ પામનારના કુટુંબને ₹ ૨૦,૦૦૦/-

(ક) અરજી કયાં કરશો ?

૧. શહેરી વિસ્તાર માટે જે તે પ્રાંત કચેરીમાં અરજી કરવાની રહે છે.
૨. ગ્રામ્ય વિસ્તાર માટે આ યોજના હેઠળ તાલુકા મામલતદારશ્રીને અરજી કરવાની રહે છે.
આ યોજના હેઠળ રકમ મંજુર કરવાની સત્તા ઉપરોકત અધિકારીશ્રીને હસ્તક રહેશે.

# બાળ કલ્યાણની યોજનાઓ

## (અ) શિશુગૃહ

પ્રવેશ માટે:

- અનાથ, ત્યજાયેલ અને નિરાધાર બાળકો, ખોવાયેલ બાળકો અને કુંવારી માતાના બાળકો.

વય મર્યાદા :

- ૦ થી ૬ વર્ષની વયના બાળક.

(બ) **અરજીપત્રક આપવાનું સ્થળ :**

સંબંધિત જે તે જિલ્લાના સેવા કેન્દ્ર, મામલતદાર કચેરી.

(ક) **અરજીપત્રક જોડે જોડવાના દસ્તાવેજો :**

૧. ઉંમરનું પ્રમાણપત્ર.
૨. ગરીબી રેખાની યાદી પર નામ હોવાનું પ્રમાણપત્ર.

(ડ) **માસિક સહાય :**

૧. ૬૦ થી વધુ ૭૯ વર્ષ સુધીના લાભાર્થીને ₹ ૪૦૦/- સહાય. જેમાં કેન્દ્રનાં ₹ ૨૦૦/- અને રાજ્ય સરકારના સહાયના ₹ ૨૦૦/-.
૨. ૮૦ વર્ષથી વધુ વયનાં લાભાર્થીને ₹ ૭૦૦/- સહાય. જેમાં કેન્દ્રનાં ₹ ૫૦૦/- અને રાજ્ય સરકારના સહાયના ₹ ૨૦૦/-

(ઈ) **સહાયની ચુકવણી:**

પોસ્ટ દ્વારા મનીઓર્ડર અથવા બેંક એકાઉન્ટના વિકલ્પ આપવામાં આવે છે.

(એફ) **લાભ કોને મળે ?**

૬૦ થી વધુ વય ધરાવનાર વ્યક્તિઓને.

## નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકારની યોજના) :

(અ) **લાભ કોને મળી શકે ?**

૧. સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધ.
૨. ૨૧ વર્ષનો પુત્ર ન હોય.
૩. અશકત-વિકલાંગતા ૭૫% થી વધારે અને ૪૫ કે તે કરતાં વધુ ઉંમર હોવી જોઈએ.
૪. પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃદ્ધો પણ અરજી કરી શકશે.
૫. અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ₹ ૪૭,૦૦૦/ -અને શહેરી વિસ્તારના ₹ ૬૮,૦૦૦/ -થી વધુ ન હોવી જોઈએ.
૬. ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ હોય તો.
૭. ૬૦ થી વધુ વય ધરાવનાર દંપતિ/ બંનેને મળે.

(બ) **શું લાભ મળે ?**

૧. પેન્શન ₹ ૪૦૦/- મનીઓર્ડર દ્વારા મોકલી આપવામાં આવે છે.
૨. પોસ્ટ દ્વારા મનીઓર્ડર અથવા બેંક એકાઉન્ટના વિકલ્પ આપવામાં આવે છે.

(ક) **અરજી પત્રક કયાંથી મળવાપાત્ર થાય છે ?**

૧. જિલ્લા કલેકટર કચેરી.
૨. મામલતદાર કચેરીથી આ અરજી પત્રક વિનામૂલ્યે મેળવી શકાશે. મંજૂર/નામંજૂર કરવાની સત્તા મામલતદારને સોંપવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ) :

(અ) **કોને લાભ મળી શકે ?**

૧. સહાયની પાત્રતા માટે ભારત સરકારે નક્કી કરેલ ધોરણો મુજબ ગરીબી રેખા હેઠળ યાદીમાં પીડીત કુટુંબનો સમાવેશ થયેલો હોવો જોઈએ.
૨. કુટુંબનો મુખ્ય કમાનાર વ્યકિત (સ્ત્રી કે પુરુષ)નું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માતથી થયેલ હોવું જોઈએ.
૩. મૃત્યુ પામનાર પુરુષ કે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.
૪. મૃત્યુ પછીના બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

(બ) **લાભ શું મળવાપાત્ર થાય ?**

૧. કુદરતી કે અકસ્માતે મૃત્યુ પામનારના કુટુંબને ₹ ૨૦,૦૦૦/-

(ક) **અરજી કયાં કરશો ?**

૧. શહેરી વિસ્તાર માટે જે તે પ્રાંત કચેરીમાં અરજી કરવાની રહે છે.
૨. ગ્રામ્ય વિસ્તાર માટે આ યોજના હેઠળ તાલુકા મામલતદારશ્રીને અરજી કરવાની રહે છે.
આ યોજના હેઠળ રકમ મંજુર કરવાની સત્તા ઉપરોકત અધિકારીશ્રીને હસ્તક રહેશે.

# બાળ કલ્યાણની યોજનાઓ

## (અ) શિશુગૃહ

**પ્રવેશ માટે:**

- અનાથ, ત્યજાયેલ અને નિરાધાર બાળકો, ખોવાયેલ બાળકો અને કુંવારી માતાના બાળકો.

**વય મર્યાદા :**

- ૦ થી ૬ વર્ષની વયના બાળક.

મળવાપાત્ર સુવિધા:

- આશ્રય, રક્ષણ, સારવાર, પુનઃસ્થાપન, સંભાળ.

રાજ્યમાં સરકારી સંસ્થા :

- રાજ્યમાં ૮ શીશુગૃહો/કેન્દ્રો- અમદાવાદ, વડોદરા, સુરત, સુરેન્દ્રનગર, પાલનપુર, ભરૂચ, ચીખલી (ખૂંધ) જિ.નવસારી અને ગોધરા.

સ્વૈચ્છિક સંસ્થા :

- અમદાવાદ-૩, વઢવાણ (સુરેન્દ્રનગર), રાજકોટ, જામનગર, કચ્છ-ભુજ, નડિયાદ (ખેડા), જુનાગઢ, સુરત, ભાવનગર.

## (બ) બાળ ગૃહો/વિશિષ્ટ ગૃહો/ઓબ્ઝર્વેશન હોમ (જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૦૬)

કેવા બાળકોને પ્રવેશ મળે ?

સંભાળ અને રક્ષણવાળા :

૧. અનાથ-નિરાધાર, ત્યજાયેલા, ખોવાયેલા, ઘરેથી નાસી ગયેલાં.

૨. દુરાચારનો ભોગ બનેલ, એઈડ્સથી પીડિત

૩. કુદરતી/માનવસર્જિત આફતોનો ભોગ બનેલા.

૪. ભિક્ષાવૃત્તિ કરતાં, બાળમજૂર.

પ્રવેશ માટેની વયમર્યાદા : ૭ થી ૧૮ વર્ષની વય ધરાવતા બાળકો.

કોના દ્વારા પ્રવેશ મળી શકે ? પોલીસ, સામાજિક કાર્યકર/સંસ્થા અને સ્વૈચ્છાએ.

પ્રવેશ આપવા માટે સત્તા અધિકારી : જિલ્લા કક્ષાએ રચાયેલ બાળ કલ્યાણ સમિતિ.

## કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો

કેવા બાળકોને પ્રવેશ મળે ?

ભારતીય ફોજદારી ધારા હેઠળની જોગવાઈઓ અનુસાર કાયદાના સંઘર્ષમાં અને કાયદાના સંપર્કમાં આવતા બાળકોને જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ.

વયમર્યાદા : ૭ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો.

કોના દ્વારા ? જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ દ્વારા.

શું લાભ મળે ? આશ્રય, ભોજન, તબીબી સારવાર, ક્લોધીંગ-બેડીંગ અને રમત-ગમત, મનોરંજનની સુવિધા સાથે શિક્ષણ, તાલીમ અને પુનઃસ્થાપનની સેવાઓ આપવામાં આવે છે.

વધુ માહિતી માટે –

૧. જે-તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવો.

૨. ટેલીફોન ફ્રી નંબર- ૧૦૯૮ થી અમદાવાદ, વડોદરાની ચાઈલ્ડ લાઈન માહિતી અને/સહાય માટે કાર્યરત છે.

## (ક) પાલક માતા-પિતા યોજના :

લાભ કોને મળવાપાત્ર થાય છે ?

૧. ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી.

યોજના હેઠળ મળવાપાત્ર લાભ

૧. અનાથ, બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક ₹ ૧,૦૦૦/- સહાય પેટે ચુકવવામાં આવે છે.

અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા

૧. પાલક માતા-પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં ₹ ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ₹ ૩૬,૦૦૦/- થી વધારે હોવાનો મામલતદારનો દાખલો રજુ કરવાનો રહેશે.

૨. આંગણવાડી/શાળામાં અભ્યાસ કરતા બાળકોનું આચાર્ય દ્વારા પ્રમાણપત્ર દર વર્ષે રજુ કરવાનું રહેશે.

લાભ કોને મળે ? અથવા કયારે લાભ મળતો બંધ થાય ?

૧. બાળક અભ્યાસ બંધ કરે ત્યારે

૨. રાજ્ય કેન્દ્રની આવી જ કોઈ યોજનાનો લાભ મેળવનારને.

યોજનાનું અમલીકરણ

પાલક માતા-પિતા યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જિલ્લાના ચિલ્ડ્રન હોમના અધિક્ષકે કરવાનું રહે છે.

## એચ.આઈ.વી. એઈડ્સગ્રસ્ત બાળકોને શિષ્યવૃત્તિની યોજના

એચ.આઈ.વી. એઈડ્સની અસર પામેલ માતા-પિતાના બાળકોને, એચ.આઈ.વી. એઈડ્સને કારણે માતા-પિતાને કે તે પૈકી બંનેનું અથવા એકનું મૃત્યુ થઈ જવાના કિસ્સામાં અનાથ થઈ ગયેલ બાળકોને આપવામાં આવે છે. ધોરણ-૧ થી ૫ સુધી વાર્ષિક ₹ ૫૦૦/-, ધોરણ-૬ થી ૧૦ સુધી વાર્ષિક ₹ ૧,૦૦૦/- અને સ્કૂલ યુનિફોર્મના ખર્ચ પેટે વાર્ષિક ₹ ૧,૫૦૦/- ઉચ્ચક આપવામાં આવે છે. ધોરણ-૧૦ પછી અભ્યાસ માટે ડે-સ્કોલરને ₹ ૪,૦૦૦/- અને હોસ્ટેલરને ₹ ૧૦,૦૦૦/- ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

## અનાથ બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ યોજના

સંસ્થામાંથી મુક્ત થતા અને ઉચ્ચ અભ્યાસ કરતા તેમજ સંસ્થામાં રહીને ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા બાળકોને ₹ ૪,૦૦૦/- થી ₹ ૧૬,૦૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

## (ડ) ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેકશન સ્કીમ (ICPS) :

૧. ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેકશન સ્કીમ એટલે કે સંકલિત બાળ સુરક્ષાની યોજના જેનો મુખ્ય ધ્યેય બાળકો માટે સુરક્ષિત વાતાવારણ ઊભુ કરવાનો છે.

૨. જેમાં બાળકોની સુરક્ષાને લગતી વિવિધ યોજનાઓને એક જ છત્ર નીચે આવરી લેવામાં આવી છે.

**લક્ષ્યજુથ :**

૧. સંભાળ અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો.

૨. કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવા બાળકો એવા બાળકો જેમણે કોઈ ગુનાહિત ગણાય તેવું કૃત્ય કર્યુ છે.

૩. કાયદા સાથે સંપર્કમાં હોય તેવા બાળકો કે જેઓ કોઈ અત્યારચારનો ભોગ બનેલ છે અથવા સાક્ષી છે અથવા અન્ય કોઈ સંજોગોના કારણે કાયદા સાથે સંપર્કમાં છે.

### ICPS હેઠળ આવરી લેવામાં આવેલ સેવાઓ :

### (અ) સંભાળ, સપોર્ટ અને પુનઃસ્થાપની સેવાઓ.

૧. ચાઈલ્ડ લાઈન દ્વારા ઈમર્જન્સી સર્વિસ.
૨. શહેરી તથા અર્ધ શહેરી વિસ્તારોમાં બાળકો માટે ઓપન શેલ્ટરની સુવિધા.
૩. સ્પોન્સરશીપ તથા આફ્ટર કેર જેવી બિન સંસ્થાકીય સંભાળની સેવાઓ.
૪. જરૂરિયાત મુજબ જનરલ ગ્રાન્ટ-ઈન-એઈડ સેવાઓ.

### (બ) કાયદાકીય આનુસાંગિક સેવાઓ.

૧. ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC)
૨. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ (JJB)
૩. સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટ (SJPU)

### (ક) અન્ય સેવાઓ.

૧. કાઉન્સેલીંગ સેવાઓ માટે માનવ સંશોધનનો વિકાસ.
૨. તાલીમ અને ક્ષમતાવર્ધન.
૩. માહિતી, જ્ઞાનવર્ધન, દસ્તાવેજીકરણ, સંશોધન.
૪. હિમાયત, લોક શિક્ષણ અને સંચાર વ્યવસ્થા, દેખરેખ તથા મૂલ્યાંકન.

## વ્યંઢળ/કિન્નર/તૃતીય જાતિના લોકોનું કલ્યાણ

### (અ) વ્યંઢળ/કિન્નર/તૃતીય જાતિના લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના (નવી યોજના) :

#### (ક) લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ

૧. અરજદાર ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/ કિન્નર/તૃતીય જાતિના હોવા જોઈએ.
૨. વ્યંઢળ/કિન્નર /તૃતિય જાતિની વ્યક્તિની ઉંમર ૪૦ થી ૬૦ વર્ષ રહેશે.
૩. આ યોજનાનો લાભ તમામ વર્ગના લોકોને મળવાપાત્ર થશે.

#### (ખ) સહાયની રકમ :

વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિની વ્યક્તિને દર માસે ₹ ૧,૦૦૦/- પેન્શન.

#### (ગ) સહાય કોણ ચુકવશે અને કેવી રીતે ચુકવશે ?

પેન્શન લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્કના ખાતામાં જમા કરવામાં આવશે.

#### (ઘ) યોજનાનું અમલીકરણ :

અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજુ કરવાનું રહેશે.

### (બ) વ્યંઢળ/કિન્નર/તૃતીય જાતિના બાળકોના માતા-પિતા માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના (નવી યોજના) :

#### (ક) લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ

૧. અરજદારનું સંતાન ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/કિન્નર/તૃતીય જાતિના હોવા જોઈએ. તેના માતા-પિતાને પેન્શન ચૂકવવામાં આવશે.

૨. માતા-પિતાએ સોગંદનામું કરીને પ્રમાણિત કરવું પડશે કે તેમને એવું બાળક છે જે જાતિ સંબંધિત સમાજમાં સ્વીકાર્ય એવું વર્તન ધરાવતું નથી (જેનું વર્તન જાતિ બાબતમાં સમાજને અસ્વીકાર્ય હોય એવા પ્રકારનું છે.)

૩. બાળકની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

૪. માતા-પિતાનું મૃત્યુ થાય તેવા કિસ્સામાં સહાય રૂપ રકમ વાલીને ઉપલબ્ધ કરાશે.

જેને માટે સક્ષમ સત્તાતંત્ર પાસેથી વાલીપણા અંગેનું સંબંધિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**(ખ) સહાયની રકમ :**

તૃતિય જાતિના બાળકના માતા-પિતાને દર માસે ₹ ૧,૦૦૦/- પેન્શન ચૂકવવાનું રહેશે.

**(ગ) સહાય કોણ ચુકવશે કેવી રીતે ચુકવશે ?**

પેન્શન લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

**(ઘ) યોજનાનું અમલીકરણ :**

અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજુ કરવાનું રહેશે.

## (ક) વ્યંઢળ/કિન્નર/વૃતીય જાતિના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃતિની રાષ્ટ્રીય યોજના (નવી યોજના) :

**વ્યંઢળ/કિન્નર/વૃતીય જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ (પ્રિમેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક)**

**(અ) લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ**

૧. અરજદાર ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/ કિન્નર/તૃતીય જાતિના હોવા જોઈએ.
૨. ધોરણ ૭ થી ૧૦ (પ્રિ-મેટ્રિક).
૩. ધોરણ ૧૧ અને ૧૨ (પોસ્ટ-મેટ્રિક).
૪. માતા-પિતાની કુલ આવક મર્યાદા બધા સ્રોતોમાંથી ₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.

**(બ) શિષ્યવૃતિનો દર :**

પ્રિ-મેટ્રીકમાં માસિક ₹ ૧૫૦/-(૧૦ માસ માટે) ડે-કેર માટે અને હોસ્ટેલર માટે માસિક ₹ ૩૫૦/-(૧૦ માસ માટે).

પોસ્ટ-મેટ્રીકમાં માસિક ₹ ૫૫૦/-(૧૦ માસ માટે) ડે-કેર માટે અને હોસ્ટેલર માટે માસિક ₹ ૧,૨૦૦/- (૧૦ માસ માટે).

**(ક) ચુકવણીની પદ્ધતિ :**

શિષ્યવૃતિ લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્કના ખાતામાં જમા કરવામાં આવશે.

**(ડ) યોજનાનું અમલીકરણ :**

અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજુ કરવાનું રહેશે.

## જિલ્લા સમાજસુરક્ષા અધિકારીશ્રીઓની વિગતો

| અ. નં. | કચેરીનું નામ | કચેરીનું સરનામું | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. અમદાવાદ. | બ્લોક-બી, ભોંયતળિયે, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ. | ૦૭૯/૨૫૫૦૮૭૧૨ |
| ૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ગાંધીનગર. | બ્લોક બી, એમ.એસ. બિલ્ડીંગ, ભોંયતળીયે, ગાંધીનગર. | ૦૭૯/૨૩૨૫૩૨૬૬ |
| ૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. મહેસાણા. | બ્લોક નં. ૧, રૂમ નં. જી/૪, બહુમાળી ભવન, મહેસાણા. | ૦૨૭૬૨/૨૨૧૪૩૧ |
| ૪ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. પાટણ. | જીલ્લા સેવા સદન , બ્લોક નં. બી, રૂમ નં.-૧૧, ભોંયતળિયે, પાટણ . | ૦૨૭૬૬/ ૨૨૨૬૫૧ |
| ૫ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. પાલનપુર, જી. બનાસકાંઠા. | જીલ્લા સેવા સદન-૨, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, ભોંયતળિયે, પાલનપુર, જી. બનાસકાંઠા. | ૦૨૭૪૨/ ૨૫૨૪૭૮ |
| ૬ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. હિંમતનગર, જી. સાબરકાંઠા. | બ્લોક નં.બી, બહુમાળી ભવન, ભોંયતળિયે, હિંમતનગર, જી. સાબરકાંઠા. | ૦૨૭૭૨/ ૨૪૧૫૯૮ |
| ૭ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. સુરેન્દ્રનગર. | બ્લોક નં. એ, રૂમ નં. ૫, બહુમાળી ભવન, ખેરાળી રોડ, સુરેન્દ્રનગર. | ૦૨૭૫૨/ ૨૮૫૫૫૨ |
| ૮ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ભાવનગર. | જી-૧, બહુમાળી મકાન, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ભાવનગર. | ૦૨૭૮/ ૨૪૨૫૬૦૯ |
| ૯ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી.અમરેલી. | બ્લોક-એ, રૂમ નં.૧, બહુમાળી ભવન, ભોંયતળીયે, અમરેલી. | ૦૨૭૯૨/ ૨૨૩૦૨૯ |
| ૧૦ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. રાજકોટ. | બ્લોક નં. ૫, ભોંયતળીયે, બહુમાળી ભવન, રાજકોટ | ૦૨૮૧/ ૨૪૪૮૫૯૦ |
| ૧૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. જુનાગઢ. | મહાત્મા ગાંધી રોડ, હાથીખાના, બાળ અદાલત સામે, જુનાગઢ. | ૦૨૮૫/ ૨૬૨૪૫૪૬ |
| ૧૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. પોરબંદર. | જિલ્લા સેવા સદન-૨, રૂમ નં.-૦૫, પોરબંદર. | ૦૨૮૬/ ૨૨૨૦૩૧૩ |
| ૧૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. જામનગર. | જિલ્લા સેવા સદન-૪, રાજપાર્ક પાસે, રાજકોટ રોડ, જામનગર. | ૦૨૮૮/ ૨૫૭૦૩૦૬ |
| ૧૪ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. કચ્છ. | નાગરિક સોસાયટી પાસે, ભુજ, જી. કચ્છ. | ૦૨૮૩૨/ ૨૫૬૦૩૮ |
| ૧૫ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વડોદરા. | સી બ્લોક, નર્મદા ભુવન, ૧લો માળ, જેલ રોડ, વડોદરા. | ૦૨૬૫/ ૨૪૨૮૦૪૮ |
| ૧૬ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. નડીયાદ, જી. ખેડા. | સી બ્લોક, સરદાર પટેલ ભવન, બહુમાળી સંકુલ, નડીયાદ, જી. ખેડા. | ૦૨૬૮/ ૨૫૫૦૬૪૦ |
| ૧૭ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. આણંદ. | જુની કલેકટર કચેરી, અમુલ રોડ અતિથિ ગૃહની બાજુમાં, આણંદ. | ૦૨૬૯૨/ ૨૫૩૨૧૦ |

| અ. નં. | કચેરીનું નામ | કચેરીનું સરનામું | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧૮ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ભરૂચ. | બહુમાળી મકાન, ગાયત્રીનગર, ભોંયતળીયે, ભરૂચ. | ૦૨૬૪૨/ ૨૬૩૮૨૩ |
| ૧૯ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, રાજપીપળા, જી. નર્મદા. | જિલ્લા સેવા સદન, રૂમ નં.૧૧, ભોંયતળીયે, રાજપીપળા, જી. નર્મદા. | ૦૨૬૪૦/ ૨૨૪૫૭૫ |
| ૨૦ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. ગોધરા, જી. પંચમહાલ. | બહુમાળી બીલ્ડીંગ, ૧લો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, ગોધરા, જી. પંચમહાલ | ૦૨૬૭૨/ ૨૪૧૪૮૭ |
| ૨૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. દાહોદ. | જિલ્લા સેવા સદન, રૂમ નં. ૧૯, ભોંયતળિયે, છાપરી, દાહોદ. | ૦૨૬૭૩/ ૨૩૯૨૨૫ |
| ૨૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. સુરત. | જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત. | ૦૨૬૧/ ૨૬૫૧૪૬૭ |
| ૨૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. વ્યારા, જી. તાપી. | ઓબ્ઝર્વેશન હોમના મકાનમાં, અંબિકાનગરની સામે, દિવ્યાનગર સોસા. પાસે, તાડકુવા, મુ. વ્યારા જી. તાપી. | ૦૨૬૨૬/ ૨૯૩૦૭૦ |
| ૨૪ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. આહવા, જી. ડાંગ. | પ્રયોશા વિજ્ઞાન કેન્દ્રની બાજુમાં, કોમ્યુનીટી હોલ, આશ્રમ રોડ, આહવા, જી. ડાંગ. | ૦૨૬૩૧/ ૨૨૦૬૨૯ |
| ૨૫ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. વલસાડ. | બ્લોક નં.૮, ૧ લો માળ, જુની કલેકટર બિલ્ડીંગ, ધરમપુર રોડ, વલસાડ. | ૦૨૬૩૨/ ૨૪૨૭૬૩ |
| ૨૬ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. નવસારી. | વિભાગ-એ, ભોંયતળીયે, બહુમાળી મકાન, જુના થાણા, નવસારી. | ૦૨૬૩૭/ ૨૩૨૪૪૦ |
| ૨૭ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. બોટાદ. | હવેલી ચોક, મહિલા મંડળનું મકાન બોટાદ. | ૦૨૭૮ /૨૪૨૫૬૦૯ |
| ૨૮ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. મોડાસા, જી. અરવલ્લી. | ૨૧, કલ્યાણ સોસાયટી માલપુર રોડ, મોડાસા, જી. અરવલ્લી. | ૦૨૭૭૪ / ૨૪૧૨૪૪ |
| ૨૯ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. છોટાઉદેપુર. | આદિવાસી અતિથી ગૃહ, સરકારી હોસ્પીટલ સામે, છોટાઉદેપુર. | ૦૨૬૬૯/૨૩૩૩૮૪ |
| ૩૦ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. મોરબી. | વિકાસ વિદ્યાલય કેમ્પસ, શોભેશ્વર રોડ, નેશનલ હાઈવે નં.-૮, મોરબી. | ૦૨૮૨૨/ ૨૪૨૫૩૩ |
| ૩૧ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. ગીર-સોમનાથ. | રાજેન્દ્ર ભવન રોડ, સેલેનીટી કોલોની સી-૨, વેરાવળ. | ૦૨૮૫/૨૬૨૪૫૪૬ |
| ૩૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જી. દેવભૂમિદ્વારકા. | જિલ્લા સેવા સદન-૪, રાજપાર્ક પાસે, રાજકોટ રોડ, જામનગર. | ૦૨૮૮/ ૨૫૭૦૩૦૬ |
| ૩૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મુ. લુણાવાડા, જી. મહીસાગર. | બહુમાળી બીલ્ડીંગ, ૧લો માળ, કલેકટર કચેરી કંપાઉન્ડ, ગોધરા, જી. પંચમહાલ. | ૦૨૬૭૨/ ૨૪૧૪૮૭ |

Y-71 - 5000-6-2015

સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત